અપીલ અરજી નં.૪૬૦ તા.૨૯–૩–૧૦

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૬–૨–૧૦ની અરજીથી (૧) સાઉથ(ઉધના) ઝોનમાં જયારથી જુ.ઈજનેર આશિષ ગાંધી ફરજ પર જોડાયા ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમના કાર્યક્ષેત્રમાં આવતા બાંધકામો અંગેની આરટીઆઈ એકટ હેઠળની કુલ કેટલી અરજીઓ આવેલી છે? (૨) આ અરજીઓ પૈકીની કુલ કેટલી અરજીઓની માહિતી તેમણે નિયત સમય મર્યાદામાં (ત્રીસ દિવસમાં) આપેલી છે તથા કેટલી અરજીઓની માહિતી તેમણે નિયત સમય મર્યાદા બાદ આપેલી છે? વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૬૦/૨૦૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૬–૨–૧૦ ની અરજીથી (૧) સાઉથ(ઉધના) ઝોનમાં જયારથી જુ.ઈજનેર આશિષ ગાંધી ફરજ પર જોડાયા ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમના કાર્યક્ષેત્રમાં આવતા બાંધકામો અંગેની આરટીઆઈ એકટ હેઠળની કુલ કેટલી અરજીઓ આવેલી છે? (૨) આ અરજીઓ પૈકીની કુલ કેટલી અરજીઓની માહિતી તેમણે નિયત સમય મર્યાદામાં (ત્રીસ દિવસમાં) આપેલી છે તથા કેટલી અરજીઓની માહિતી તેમણે નિયત સમય મર્યાદા બાદ આપેલી છે? વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમયમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૨ તા.૫–૪–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૨૬ તા.૧૫–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ ટેક./૧૭૫ તા.૨૨–૩–૧૦ થી પાઠવેલ પત્રની નકલ, અરજદારના નામ, સરનામા આરટીઆઈ હેઠળ આપેલ જવાબ આપવામાં આવેલ નકલની સંખ્યાના પત્રકની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૬–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૯–૩–૧૦ ના રોજ દિન–૩૦ માં કોઈ પ્રતિભાવ મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક. /૧૭૫ તા.૨૨–૩–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. અરજદારે મુદ્દા નં.(૧) સાઉથ(ઉધના) ઝોનમાં જયારથી જુ.ઈજનેર આશિષ ગાંધી ફરજ પર જોડાયા ત્યારથી લઈને અત્યાર સુધીમાં તેમના કાર્યક્ષેત્રમાં આવતા બાંધકામો અંગેની આરટીઆઈ એકટ હેઠળની કુલ કેટલી અરજીઓ આવેલી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ઉધનામાં જુની. ઈજનેર શ્રી આશિષ ગાંધીના ફરજ કાળ દરમ્યાન તા.૧–૮–૦૮ થી તા.૨૬–૨–૧૦ ના સમય દરમ્યાન બાંધકામ અંગેની આરટીઆઈ એકટ હેઠળ કુલ ૨૪૧ અરજીઓ આવેલ છે તેવી માહિતી આપવામાં આવેલ છે. (૨) આ અરજીઓ પૈકીની કુલ કેટલી અરજીઓની માહિતી તેમણે નિયત સમય મર્યાદામાં (ત્રીસ દિવસમાં) આપેલી છે તથા કેટલી અરજીઓની માહિતી તેમણે નિયત સમય મર્યાદા બાદ આપેલી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ અરજીઓ પૈકી કુલ ૨૧૨ અરજીઓનો સમય મર્યાદામાં જવાબ આપવામાં આવેલ છે તથા ૨૯ અરજીનો સમય મર્યાદા બાદ જવાબ આપવામાં આવેલ છે. (૩) નિયત સમય મર્યાદા બાદ અરજી દીઠ કેટલી કેટલી નકલો આપી તેની વિગત આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય મર્યાદા બાદ અરજીદીઠ આપવામાં આવેલ નકલ અરજદારના નામ સરનામા તારીખની વિગત અંગે ૨૯ અરજદારોની સમય મર્યાદા બાદ આપેલ જવાબની યાદીની નકલ પૂરી પાડેલ છે. (૪) નિયત સમય મર્યાદામાં અરજદારને માહિતી આપવાથી સરકારશ્રીના ખાતામાં નકલદીઠ રૂા.૨/– જમા થતા હોય છે તો પછી નિયત સમય મર્યાદા બાદ અરજદારને જે નકલો પૂરી પાડવાની હોય છે તેની કોઈ રકમ અરજદાર પાસેથી વસુલવાની રહેતી નથી. જેનો મતલબ એ છે કે જાહેર માહિતી અધિકારી સમય મર્યાદાનું પાલન ના કરે તો અરજદારને માંગેલી માહિતી ફ્રી માં પૂરી પાડવાની થતી હોય છે અને જો અરજદારને માંગેલી માહિતીની નકલો ફ્રીમાં પૂરી પાડવામાં આવે તો નકલ દીઠ રૂા.૨/– લેખેનું સરકારશ્રીની તિજોરીમાં નુકશાન થાય તો તે નુકશાન આપના વિભાગે કઈ રીતે ભરપાઈ કરવાનું રહે છે? અરજદારને ફ્રીમાં આપેલ નકલોની થતી કિંમત જાહેર માહિતી અધિકારી પાસેથી વસુલવામાં આવે છે કે અન્ય કોઈ વિભાગ પાસેથી તેની કોઈ વિગતો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કાયદાની કલમ–૭(૬) પ્રમાણે પાલન કરવામાં આવેલ છે. વિલંબથી માહિતી આપવાની કિસ્સાઓમાં સબંધિત કર્મચારી પાસે નિયમિત ફરજ ઉપરાંત રાષ્ટ્રીય મહત્વની કામગીરી અને રાજય સરકારની સૂચનાઓ અનુસાર તાકીદની કામગીરીના વધારાના ભારણને કારણે કેટલાક કિસ્સાઓમાં સમય મર્યાદા જાળવી શકાતી નથી. માંગેલી માહિતી જુના રેકર્ડ પરથી વ્યાપક સ્વરૂપની હોવાના કારણે પણ વિલંબ થવા પામે છે. આ કિસ્સામાં ફરજ પરના કોઈ અધિકારી/કર્મચારી પાસેથી આવી કોઈ વસુલાત કરવામાં આવેલ નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને નિયત સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવ્યાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે પરંતુ માહિતી અરજદારને મોકલ્યાના આધાર રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ છે. પરંતુ અરજદારને નકલ મળેલ નહીં  હોવાની અરજદારની રજૂઆતને અનુલક્ષી  બાબત હેઠળની માહિતીની એક નકલ  પુનઃ અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે મોકલી આપવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખઃ   –૪–૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન.)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,